ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૪ ટકા

# અકસ્માતગ્રસ્ત નેનો કારમાંથી જીવતી કારતૂસ મળી..!

## સુઘડ પાસે બાઈકચાલકે નેનો કારને પાછળથી ટક્કર મારી : પોલીસે સ્થળ પર જઈ તપાસ કરી તો કારમાંથી કારતૂસ મળતાં પોલીસ પણ ચોંકી : સે. ૪ના નેનો ચાલકની ધરપકડ : પૂછપરછ જારી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક કોબા-ઈન્દીરાબ્રીજ વચ્ચે સુઘડ કેનાલ પાસે આજે બપોરે બાઈક અને નેનો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતગ્રસ્ત કાર પાસે જઈ અડાલજ પોલીસે તપાસ કરી તો કારમાંથી જીવતી કારતુસ મળતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી. પોલીસે કારતુસ અને કાર જપ્ત કરી સે. ૪માં રહેતા નેનો ચાલકની ધરપકડ કરી લઈ કારતુસ અંગે સઘન પુછપરછ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૪-સી પ્લોટ નં. ૪૪૪ ખાતે રહેતા જયેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલા તેમની જીજે.૧૮.બીએ.૯૦૩૯ નંબરની નેનો કાર લઈને કોબા-ઈન્દીરાબ્રીજ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન બપોરે પાછળથી આવતા એક બાઈકચાલકે નેનોને ટક્કર મારી હતી. બાઈક અને નેનો વચ્ચેના અકસ્માત અંગે પોલીસને જાણ થતા અડાલજ પોલીસ મથકના પીએસઆઈ આઈ.ટી. દેસાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. નેનો કારમાં તપાસ કરી રહ્યા હતા ત્યારે પોલીસનું ધ્યાન અચાનક કારમાં પડી રહેલી એક જીવતી કારતુસ ઉપર પડતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે જીવતી કારતુસ અને કાર જપ્ત કરી લઈ કારચાલક જયેન્દ્રસિંહ વાઘેલાની ધરપકડ કરી લીધી છે. જયેન્દ્રસિંહની કારમાં કારતુસ કેવી રીતે આવી? તેમની પાસે પિસ્તોલ પણ છે કે શુ? જો છે તો લાયસન્સ છે કે કેમ ? કારતુસ રાખવા પાછળનું કારણ શુ? ક્યાંથી કારતુસ લાવ્યા અને તેમનો વ્યવસાય શુ છે ? તે સહિતની ઝીણવટભરી પુછપરછ શરૂ કરવામાં આવી છે.







નિફ્ટ કોલેજ ખાતેના ''સ્પેકટ્રમ-૨૦૧૭''માં દર વર્ષની જેમ આ વખતે પણ ફેશન શૉ એ ખૂબજ આકર્ષણ જમાવ્યું હતુ. આ ફેશન શૉ માં નિફ્ટના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ મટિરિયલ્સનો ઉપયોગ કરી એમ્બ્રોયડરી, ઝરદોશી, ચિકનકારી, કશિદા, કથા તથા બ્લોક પ્રિન્ટિંગ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ થીમ આધારિત વસ્ત્રોની ડિઝાઈન રજૂ કરી હતી. આ ફેશન શૉમાં ''ગરવી ગુજરાત''થીમે ઉપસ્થિત સહુના મન લોભાવ્યાં હતા. આ ઉપરાંત આ વાર્ષિકોત્સવમાં જ્વેલરી કલચ બેગ, મીણબત્તીના સ્ટેન્ડ સહિત વિદ્યાર્થીઓએ ડિઝાઈન કરેલ અનેક ચીજવસ્તુઓનું શૉ-કેસ પણ રજૂ કરાયું હતું. સ્પેકટ્રમ-૨૦૧૭માં વિવિધ રમતો જેવી કે વૉલીબૉલ, બાસ્કેટ બૉલ, કેરમ વગેરેની સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. સ્પેકટ્રમ-૨૦૧૭ના સમાપન પ્રસંગે યોજાયેલ ''ઈડીએમનાઈટ''માં વિદ્યાર્થીઓએ લાઈવ કોન્સર્ટનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. સ્પેકટ્રમમાં યોજાયેલ મોટાભાગની ઈન્ટરે ઈન્સ્ટીટ્યુટ્સ સ્પર્ધાઓમાં નિફ્ટ વિજેતા રહ્યું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**મનોજ શુક્લ**
મંત્રી, સંસ્કૃતિ

**ગાંધીનગર ગમે**

ભરપૂર લીલાશ, શાંત વાતાવરણ અને મળતાવડા લોકોને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

પ્રેમાળ, મળતાવડા, લાગણીશીલ, કલાપ્રેમી અને સેવાભાવી નાગરિકો વસે છે ગાંધીના નામના આ નગરમાં.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અહીંની અનેકવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. જુનિયર સિટિઝન કાઉન્સિલની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

આ શહેર આધુનિક સુવિધાઓ ધરાવે છે, પરંતુ તેનો ગ્રામ પરિવેશ હજી જળવાયો છે, અહીં સૌ એકબીજાને ઓળખે છે. એ ભાવના અખંડ રહે એવી અપેક્ષા છે.

**નગર માટે હું કરી શકું**

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સંવર્ધન અને વિકાસ માટે પ્રવૃત્ત છું અને કાયમ રહીશ.

આ ઉપરાંત ગાંધીનગરની કોઈપણ પ્રકારની સેવાપ્રવૃત્તિ માટે તન, મન અને ધનથી જોડાવું ને ખર્ચાવું ગમે.

## ચિલોડામાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ચિલોડા રામજી મંદિર ખાતે એકાત્મક માનવવાદના પ્રણેતા અને જનસંઘના સ્થાપક પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિતે પ્રતિમાને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ચિલોડા ગામના સરપંચ વસુમતીબેન પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, વિષ્ણુભાઈ પટેલ (એડવોકેટ), સહિત ભાજપના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

- શહેરના સેક્ટર-૧૧ સ્થિત પોસ્ટ ઓફિસમાં સવારે ૧૧.૦૦ કલાકે ડાક અદાલત યોજાશે.
- વૈજનાથ મંડળ દ્વારા ડાહીબેન ગોસ્વામી પ્લોટ નં. ૧૩૫૪/૧ સે. ૫-એ ખાતે આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે.

## સેક્ટર-૩ના રામજી મંદિર ખાતે ૧૫મીથી ભાગવત કથાનું પાવન આયોજન

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેક્ટર-૩-ડી સ્થિત રામજી મંદિરના પટાંગણમાં તા. ૧૫ થી ૨૧ ફેબ્રુઆરી સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યુ છે. પૂજ્ય પ્રવિણભાઈ પંડ્યાની વ્યાસપીઠે બપોરે ૨ થી ૫ દરમ્યાન કથા યોજાશે. પોથીયાત્રા પ્લોટ નં. ૮૩/૧ સેક્ટર-૩-એ ખાતે બપોરે ૧ વાગે નીકળશે. સેક્ટરના આંતરીક માર્ગો પર પરિભ્રમણ કરી બપોરે ૩ કલાકે કથા સ્થળે પહોંચશે. શ્રીમદ ભાગવત કથાનું શ્રવણ કરવા માટે ઉપસ્થિત રહેવા રામજી મંદિર પરીવાર દ્વારા જણાવવામાં આવેલ છે.

# સંયુક્ત કુટુંબમાં રહેનારા વધુ આનંદિત : સોહન માસ્ટર

ગાંધીનગર, તા. ૧૨

''સંયુક્ત કુટુંબમાં ભલે નાની-મોટી સમસ્યાઓ થતી હશે પરંતુ એકંદરે 'ન્યુ ક્લિઅર' ફેમિલી કરતાં સંયુક્ત કુટુંબમાં રહેનારા વધુ સુખી અને વધુ આનંદિત જોવા મળે છે'' આ શબ્દો છે ગાંધીનગરના મહેમાન બનેલા કલર્સ ગુજરાતી ચેનલના ડેઈલી બોનસના લોકપ્રિય એન્કર સોહન માસ્ટરના. ગાંધીનગરના સે. ૧-એ ની સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલના ૧૫મા વાર્ષિતોક્સવ પ્રસંગે મંચ સંચાલન કરવા પધારેલા સોહન માસ્ટરે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં આ વાત જણાવી હતી.



સોહન માસ્ટરે ગાંધીનગર શહેરના પ્રેક્ષકો તેમને વધુ પસંદ હોવાનું જણાવતા કહ્યું હતું કે અહીંના નાગરિકો ભલે ઓછુ બોલે છે પરંતુ જે પણ કંઈ બોલે છે તે સાચુ બોલે છે. વળી, આ શહેરની હરિયાળી પણ મને ખૂબ આકર્ષે છે. સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલના ૧૫મા વાર્ષિકોત્સવમાં નાનાં ભૂલકાંઓએ સોહન માસ્ટર સહિત હોલમાં ઉપસ્થિત તમામ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. ખૂબજ ધમાકેદાર અને રંગારંગ રીતે પ્રસ્તુત થયેલી આ કાર્યક્રમમાં બાળાકોના નૃત્યો સહિતની વિવિધ કૃતિઓએ અદ્ભૂત માહોલ જમાવ્યો હતો. ''લવ યુ જીંદગી'' થીમ આધારિત રજૂ કરાયેલ આ વાર્ષિકોત્સવમાં માત્ર ૩ થી ૫ વર્ષની વયજુથના ૧૦૦થી વધુ ભૂલકાંઓએ ભારતીય સંસ્કારોના સિંચન સાથે વૈશ્વિક આધુનિકતા આવરી લેતી કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં બાળકોના વાલીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં માતાઓએ ફેશન શો રજૂ કરી રેમ્પવૉક કર્યું હતું.

''લવ યુ જીંદગી'' કાર્યક્રમનો પ્રારંભ ભારતીય પરંપરા મુજબ દીપ પ્રાગટ્ય સાથે શ્લોક ગાન અને પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. જ્યારે કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# વેલેન્ટાઈન ડે પર યુવાવર્ગમાં સ્માઈલી સ્ટેમ્પની બોલબાલા

ગાંધીનગર, તા.૧૨

વેલેન્ટાઈન ડે એટલે નિસ્વાર્થ પ્રેમની અભિવ્યકિતનો દિવસ... ૪મી ફેબ્રુઆરી આડે હવે એક જ દિવસ બાકી રહ્યો છે. યુવાવર્ગમાં વેલેન્ટાઈનનો અનોખો ક્રેઝ હોય છે. વેલેન્ટાઈન ડે ને અનુલક્ષીને વિવિધ ગીફટ તેમજ અવનવી ચીજવસ્તુઓ બજારમાં આવી ગઈ છે. જેમાં સ્માઈલી સ્ટેમ્પનું યુવાનોમાં અનોખુ આર્કર્ષણ જોવા મળી રહ્યુંછે. શહેરનું યુવાધન રૂ.૩૦થી લઈને હજ્જારો રૂપીયા ખર્ચ કરતા પણ અચકાતા નથી. ત્યારે વેલેન્ટાઈન ડે નિમિતે કીચેઈન, રેડ ગુલાબ, મ્યુઝીકલ કાર્ડ, ટેડીબેર, સહિતની ચીજ વસ્તુઓ ગીફટમાં આપીને પ્રેમની અભિવ્યકિત યુવાવર્ગ દ્વારા કરવામાં આવે છે. ત્યારે આ દિવસને યુવાવર્ગ ભારે ધામધુમથી ઉજવેછે. જેથી વેલેન્ટાઈન ડેપર યુવાવર્ગ દ્વારા કબ્જો કરી લેવામાં આવ્યો હોય તેવું



લાગી રહ્યુંછે. વેલેન્ટાઈના દિવસે દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રજનો સહિત પરિવારમાં પણ કોઈપણ વ્યકિત સમક્ષ નિસ્વાર્થ પ્રેમની અભિવ્યકિત કરી શકાય છે. આ પ્રસંગની ખાસ તો યુવાવર્ગ વર્ષ દરમિયાન કાગડોળે રાહ જોતા હોય છે. ત્યારે વેલેન્ટાઈન દિવસના રોજ શહેરમાં ફુલોના ભાવમાં પણ ચિંતાજનક વધારો જોવા મળશે. જયારે શહેરની ફુલોની દુકાનોમાં અત્યારથી બુકેના ઓર્ડર બુક થઈ ગયા છે. પ્રશ્ચિમી દેશોમાં આ દિવસનું ખાસ મહત્વ રહેલું છે. વેલેન્ટાઈન ડે ને અલગ અલગ દેશોમાં અલગ અલગ રીતે ઉજવામાં આવે છે. જાપાન અને કોરીયામાં વેલેન્ટાઈન ડે ને વ્હાઈટ ડે તરીકે નામે ઓળખવામાં આવે છે. જેમાં એક મહિના ના સમય સુધી પોતાના પ્રેમનો એકરાર કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને ગુલાબના ફુલ આપીને પોતાની પ્રેમની અભિવ્યકિત કરે છે. ત્યારે ભારતભરમાં પણ યુવાનો આ દિવસના રોજ પોતાની મનગમતી વ્યકિતને વેલેન્ટાઈનના દિવસે ગીફટ આપી નિસ્વાર્થ પ્રેમની અભિવ્યકિત કરે છે. ત્યારે ગાંધીનગર શહેરના બજારોમાં પણ વિવિધ ગીફટનું આગમન થઈ ચુક્યું છે. જેમાં આ વર્ષે સ્માઈલી સ્ટેમ્પનું અનોખુ આકર્ષણ યુવાવર્ગમાં જોવા મળી રહ્યુંછે. શહેરના યુવાનો આ દિવસે પોતાના વેલેન્ટાઈનને હજ્જારો રૂપીયાની ગીફટ આપતા પણ અચકાતા નથી..

## વાતવાતમાં

- ગાંધીનગર શહેરમાં તલાટી-કમ-મંત્રી, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કસ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાઈ હોવાને કારણે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી અને આજના દિવસનો ચર્ચાનો મુદ્દો જ પરીક્ષા રહ્યો હતો. પહેલાં પરીક્ષાની તૈયારીઓની અને પછી પેપરમાં શું પૂછાયું ને પેપર કેવું ગયું એ વિશેની ચર્ચાઓ મહત્ત્વની બની રહી હતી. પરીક્ષાઓના કારણે શનિ-રવિમાં લગ્ન મહોત્સવોમાં પણ પાંખી હાજરી જણાતી હતી.
- શહેરના સે. ૧૦માં જીપીએસસી ભવન ખાતે સંસ્કૃત સાહિત્યના અધ્યાપકો માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં પેપર અઘરૂ રહેતા ઉમેદવારોના ચહેરા પર નારાજગીની રેખાઓ જોવા મળી હતી.
- શહેરમાં રખડતાં ઢોર ઉપરાંત રખડતાં કૂતરાંઓનો ત્રાસ પણ અસહ્ય રીતે વધી ગયો છે. અનેક સ્થળે મુખ્ય માર્ગો તથા સેક્ટરના આંતરિક માર્ગો પર કૂતરાંઓ પાછળ પડવાથી નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યાં છે જેના કારણે આ સમસ્યામાં મનપા કોઈ નક્કર કામગીરી કરે તેવી નગરજનો અપેક્ષા સેવી રહ્યાં છે.
- તાજેતરમાં મનપાના દબાણતંત્ર દ્વારા શહેરના માર્ગ નં. ૫ પર એલડીઆરપી કોલેજ સામેના ખાણીપીણીના દબાણોથી ફૂટપાથને આઝાદ કરાવાઈ હતી. જો કે રવિવારે ફરી આ સ્થળે લારી-ખૂમચાંઓનો અડ્ડો જામી જતા તંત્રની દાનત પર નાગરિકો શંકા સેવી રહ્યાં છે.
- નિવૃત્ત સંયુક્ત સચિવ જે.ડી. દવેના ધર્મપત્નિ હંસાબેનનું દુઃખદ અવસાન થવા પામ્યું છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# ''શરીર ભલે વૃધ્ધ થશે, મારું મન નહીં થાય''

''મને સતત પ્રવૃત્તિમાં જ રહેવુ ગમે છે નવરાં બેસી રહેવુ તેના કરતા ઈશ્વરે આપેલ કલાનો સદુપયોગ કરી સારી રીતે સમય વ્યસ્ત કરી શકું છું, હું મારા મનની સ્વસ્થતા માટે કામ કરુ છુ અને પ્રવૃત્તિમાં રહેવાથી મન નવરું પડતુ નથી'' ૯૧ વર્ષની જૈફ ઉમંરે પણ ભલભલા યુવાનોને શરમાવે તેવી ચંચળતા અને સ્ફૂર્તિ ધરાવતા ગાંધીનગરના સે. ૨૩માં રહેતા ઈન્દુમતીબેન અમરાવતકર એટલે કે ઈન્દુબાને મળો તો ખબર પડે કે કહેવાતી પાછલી ઉંમરની જીંદગી પણ દરરોજ એક નવી શરૂઆત સમાન છે. ૧૭ વર્ષથી એકલાં રહીને પણ ગરીબ દર્દીઓ, જરૂરિયાતમંદ વર્ગના બાળકો વગેરે માટે પોતાની સિવણકલાનો ઉપયોગ કરી નાના-મોટાં કપડાં કે કપડાંની ઉપયોગી ચીજવસ્તુઓ બનાવી વિના મૂલ્યે કે વિના સ્વાર્થ પુરી પાડતા ઈન્દુબા સેવાના અનોખા સંબંધ સજાવે છે.



દરરોજ વહેલી સવારે પાંચ વાગે ઉઠી પ્રાણાયામ યોગ ઈન્યાદી કરી ઘરના બગીચામાં છોડવાંને પાણી પીવડાવવાથી તેમના નિત્યક્રમનો પ્રારંભ થાય. આટલી જૈફ વયે પણ અખબારો વાંચી પોતાની જાતને અપડેટ રાખવી તથા મંદિરે જઈ ભજન કિર્તન કરી મનને પ્રફુલ્લિત રાખવુ તે જાણે વણ લખ્યો નિયમ. બપોરે ભોજન ઈત્યાદિ પતાવ્યાં બાદ શરૂ થાય તેમનો સેવા યજ્ઞ જેમાં તેઓ દરરોજ ૨ થી ૩ કલાક સિલાઈ મશીન ચલાવે અને ભાત ભાતના નાના મોટા વસ્ત્રો બનાવે. ઝભલાં, ટોપી, મોજા વગેરે ઉપરાંત થેલી, પર્સ જેવી ઉપયોગી ચીજવસ્તુઓ પણ બનાવે. આ વસ્ત્રોનો નિયત સ્ટોક તૈયાર થાય એટલે તેનો થેલો ભરીને નીકળી પડે સિવિલ હોસ્પિટલમાં અને ત્યાં જનરલ વોર્ડમાં જે કોઈ ગરીબ કે જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓ ખાસ કરીને બાળ દર્દીઓ મળે તેમને જરૂર મુજબની ચીજવસ્તુ આપે અને જો એ સિવાય કંઈ જોઈતુ હોય તો તે અંગે પણ પુછી લે જેથી બીજા દિવસે તે સીવીને લાવી શકાય. નાના બાળકો માટે જાતે જ ઊનથી ગૂંથેલા સ્વેટર્સ, ગરમ ટોપી, હાથ મોજા, પગના મોંજા, નકામા ગાભાઓમાંથી ગોદડીઓ વગેરે બનાવી વિનામૂલ્યે તેનું વિતરણ કરવું તે તેમનું નિયમિતનું સેવાકાર્ય છે.




''શરીર ભલે વૃધ્ધ થાય પરંતુ મન નહી'. તેવુ માનતા ઈન્દુબા આમ તો ખાધે-પીધે સુખી પરિવારના છે. બે દિકરા અને એક દિકરીના ઘરે પણ હર્યોભર્યો સુખી સંસાર ધરાવતા ઈન્દુબા મૂળે મહારાષ્ટ્રીયન પરિવારના હોવાથી રસોઈ કળા પણ સારી રીતે જાણે છે. તેમને અવનવા નાસ્તા જેવા કે તલસાંકળી, ચકરડી, મરાઠી વાનગીઓ વગેરે બનાવાવનો પણ ખૂબ શોખ છે. વર્ષ ૧૯૬૨માં જ્યારે દેશની સરહદે ભયંકર યુધ્ધ ખેલાતુ હતુ ત્યારે તેમણે અઢળક નાસ્તાની આઈટમો તથા ગરમ વસ્ત્રો જાતે બનાવી આપણા જાંબાઝ સૈનિકોને મોકલી આપ્યાં હતા. જ્યારે કોઈ કુદરતી આપત્તિ આવે ત્યારે પણ જરૂરિયાતમંદો તથા પિડીતો માટે તેઓ આ સેવામાં લાગી જાય છે. મૂળ મહારાષ્ટ્રના અમરાવતી ખાતે જન્મેલા અને વર્ષ ૧૯૫૦માં ગણિતના પ્રાધ્યાપક મુકુંદ અમરાવતકરને પરણીને પહેલા રાજકોટ અને ૧૯૭૦થી ગાંધીનગર સ્થાયી થયેલા ઈન્દુબાના પતિનો સ્વર્ગવાસ થયે ૩૧ વર્ષના વહાણાં વહી ચૂક્યાં છે. આમ છતાં સતત આનંદ અને પ્રવૃત્તિમાં ગળાડૂબ રહેતા ઈન્દુબાને નાના તબીબ દિકરાએ નવો બંગલો બનાવ્યો હોવા છતાં પોતાના આડોશ-પાડોશના પ્રેમના કારણે સે. ૨૩માં જ રહેવાનું પસંદ કર્યું છે. તેઓ દિકરાને કહે છે ''જ્યાં સુધી હું સ્વસ્થ છું ત્યાં સુધી તો અહીં જ રહીશ''

પોતાના કોલેજ કાળમાં તે સમયમાં પણ ખો-ખો, બેડમિન્ટન તથા સાઈકલીંગની રમતમાં ચેમ્પિયન રહી ચુકેલા ઈન્દુબાએ ૨૦ વર્ષ સુધી સ્વાધ્યાય પરિવારના કેન્દ્રમાં સેવા આપી હતી. છેલ્લા ૧૫ વર્ષથી સિવિલ હોસ્પિટલમાં હાથે બનાવેલા વસ્ત્રો આપવાની સેવા આપતા ઈન્દુબા હવે ત્રણ વર્ષથી શહેરની સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા સંસ્થાને સેવાકીય પ્રવૃત્તિમાં મદદરૂપ થઈ રહ્યાં છે. આ સંસ્થાના સ્વયંસેવકો તેમને દાનમાં એકત્ર કરેલા જૂના કે નકામા વસ્ત્રો આપી જાય તેને રીપેરીંગ અથવા તદ્દન નકામાં હોય તો ગોદડીઓ કે અન્ય ચીજવસ્તુઓ બનાવી આપે છે જેને પછી જરૂરિયાતમંદોને દાન કરાય છે.

મારી એકલતાને દૂર કરવા બાળપણમાં જે સિવણ શીખી હતી તેના થકી છેલ્લાં પચાસ વર્ષોમાં ઘરના બધા માટે પણ મેં કપડાં સીવ્યાં છે તેવું ગર્વભેર કહેતા ઈન્દુબા કહે છે આ દર્દી બાળકોના કપડાં સીવીને આપવાથી મને તેમની સાથે રહેવાની તક મળે છે. તેઓ ગૃહિણીઓને પોતાનો શોખ વિકસાવવાની સલાહ આપવા સાથે શરીરની તંદુરસ્તી માટે જમવા તથા સમય એ બંને બાબત પર સંયમ રાખવા સૂચન કરે છે. ઘરગથ્થુ ઉપચારોના ખૂબ જાણકાર એવા ઈન્દુબા કહે છે પોતાના શરીરના ડૉક્ટર પોતે જ બનો. તમે જો તેમને પૂછો કે ''બા આટલી ઉમંરે શું કામ આટલુ કામ કરો છો ? તો તુરંત જવાબ આપે ''હું તો મારા મનની સ્વસ્થતા માટે કામ કરું છું અને જ્યાં સુધી મારું જીવન સ્વચ્છ છે ત્યાં સુધી કરતી રહીશ.''

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@yahoo.com